
# અંતર્મુખી થવું અને સ્વયંની ઓળખ સમગ્ર યોગ થકી સંભવ

લોકડાઉનમાં સમર્પણ ધ્યાનયોગની યૂ ટ્યુબ શિબિરના સકારાત્મક પરિણામો - લોકો ધ્યાન સાથે જોડાઈ રહ્યા છે'

અંતર્મુખી થવું અને સ્વયંની ઓળખ સમગ્ર યોગ થકી સંભવ

વર્તમાન પરિસ્થિતિને જોતાં આગામી તા.૨૩ થી ૩૦ દરમિયાન ફરી એકવાર સમર્પણ ધ્યાનયોગ મહાશિબિર ઓનલાઈન



વર્તમાન સમયમાં ભારત દેશમાં લોકડાઉનનો સમય વધારવામાં આવ્યો છે અને લોકોને સુરક્ષા અને સલામતી માટે ઘરમાં રહેવાની અપીલ કરવામાં આવી છે ત્યારે આ વિપરીત પરિસ્થિતિમાં આયુષ મંત્રાલય દ્વારા ઘરમાં રહીને લોકોને ધ્યાન અને યોગ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.

સમર્પણ ધ્યાનયોગ સંસ્કારના પ્રણેતા પૂજય શ્રી શિવકૃપાનંદ સ્વામીજી દ્વારા લોકોને સરકારશ્રીના આદેશનું પાલન કરવા અપીલ કરવામાં કરીને કોઈ પણ વ્યક્તિ સર્વાંગી વિકાસ સાથે આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરી શકે છે. સમગ્ર વિશ્વમાં નિઃશુલ્ક યોજાતી અને હાલ યુ ટ્યૂબ પર પ્રસારિત થતી શિબિરને અસાધારણ પ્રતિસાદ મળ્યો છે. અસંખ્ય લોકો આ શિબિરમાં પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજી દ્વારા ધ્યાન શીખી આત્મકલ્યાણ અને આત્મજાગૃતિના માર્ગને અપનાવી રહ્યા છે અને એટલું જ નહીં પણ ધ્યાન દ્વારા લોકો ઘરમાં રહીને પોતાની જાતને સ્વસ્થ, સુરક્ષિત અને સલામત મહેસૂસ કરે છે, એટલે જ વધુ એક આત્મજ્ઞાન શિબિરનું પ્રસારણ કરવામાં આવશે.

આગામી તા.૨૩ એપ્રિલ થી ૩૦ એપ્રિલ, ૨૦૨૦ દરમિયાન બપોરે ૪ વાગ્યાથી યુ ટયૂબ પર સમર્પણ ધ્યાનયોગ' અનુભૂતિ સમર્પણ' ચેનલ અને સમર્પણ ધ્યાનયોગની વેબસાઈટ પરથી ૨૦૦૬ની સાલમાં સુરતમાં યોજાયેલ મહાશિબિરનું પ્રસારણ કરવામાં આવશે. આ શિબિરમાં જાતિ, ધર્મ, ભાષા,



આવી છે અને એટલે જ આ કપરા સમયમાં લોકો ઘરે રહીને ધ્યાન શીખી શકે તે માટે યુ ટ્યૂબના માધ્યમથી સમર્પણ ધ્યાનયોગ મહાશિબિરનું પ્રસારણ કરવામાં આવશે. સમર્પણ ધ્યાનયોગ સંસ્કાર દ્વારા લોકોને ઘેર બેઠા ધ્યાનનો લાભ મળી શકે તે માટે આઠ દિવસીય શિબિરનું પ્રસારણ કરવામાં આવી રહ્યું છે.

દેશવિદેશમાં પ્રચલિત અને અનુભૂતિ પર આધારીત આ સરળ ધ્યાન પદ્ધતિ અપનાવી લોકો શારીરિક અને માનસિક સંતુલન સાધી શકે છે. પૂજ્ય સ્વામીજી કહે છે કે નિયમિત ૩૦ મિનિટનું ધ્યાન દેશ કે લિંગના ભેદભાવ વિના કોઈ પણ વ્યક્તિ જોડાઈ શકે છે.

અદભુત, અલૌકિક તેમજ આત્મકલ્યાણનો માર્ગ બતાવતી આ શિબિરમાં જોડાઈ સકારાત્મક સામૂહિકતા મેળવીને વર્તમાન પરિસ્થિતિમાં સંતુલિત રહી શકાય તે માટે પૂજ્ય સ્વામીજી દ્વારા આપ સર્વેને આ શિબિરનો લાભ લેવા આમંત્રણ છે. શિબિર માટેની વિશેષ જાણકારી અને શિબિર માં જોડાવવા આપ સમર્પણ ધ્યાનયોગની વેબસાઈટની http://www.samarpanmeditation.rog ની મુલાકાત લઈ શકો છો .

### જીટીયુ 'વિન્ટર-૨૦૧૯' પ્રથમ સેમેસ્ટર પરીક્ષાઓના પરિણામ

# સેફ્રોની ઈજનેરી કોલેજ યુનિવર્સિટી કક્ષાએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતની સુવિખ્યાત ઈજનેરી કોલેજ **'Saffrony Institute of Technology – S.P.B. Patel Engineering College'** એ ફરી એકવાર જ્વલંત સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી 'વિન્ટર-૨૦૧૯'ની પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાઓમાં સેફ્રોની કોલેજે સમગ્ર ગુજરાતની ૯૮ ઈજનેરી કોલેજોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.




સેફ્રોની કોલેજનાં પ્રિન્સિપાલશ્રી ની એક યાદીમાં જણાવાયું છે કે, કોલેજના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓની મહેનત અને સંસ્થાના મેનેજમેન્ટના સતત પ્રોત્સાહક વલણના ફળસ્વરૂપ આ ઝળકતી સિદ્ધિ હાંસલ થઈ શકી છે.

પરિણામની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે, પ્રથમ સેમસેસ્ટર ઉપરાંત ત્રીજા અને પાંચમા સેમેસ્ટરમાં પણ સંસ્થાએ યુનિવર્સીટી કક્ષાએ આઠમો ક્રમાંક મેળવ્યો છે.

બીજી તરફ વિદ્યાર્થી કક્ષાએ સેફ્રોનીના પ્રથમ સેમેસ્ટરના કોમ્પ્યુટર બ્રાન્ચના વિદ્યાર્થી મિરેન પ્રજાપતિએ એ ૧૦ માંથી ૧૦ SPI મેળવી યુનિવર્સીટી ટોપર્સ માં સ્થાન મેળવ્યું છે.

ઉપરોક્ત સિદ્ધિ બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પ્રિયેશભાઈ દલાલે તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

અત્રે એ નોંધવું ઘટે કે સંસ્થાના વિઝન મુજબ સારા પરિણામોની સાથે સાથે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે સંસ્થા વિવિધ ટેક્નિકલ રાષ્ટ્રીય સ્પર્ધાઓ જેવી કે રોબોટ બનાવવાની સ્પર્ધા રોબોકોન, કાર બનાવવાનો પ્રોજેકટ SAE BAJA, મિત્સુબિશી ઈલેક્ટ્રીક કપ, રિમોટ સંચાલિત એરક્રાફ્ટ બનાવવાનો પ્રોજેકટ Aerodesign challenge વગેરે સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતી હોય છે.

## સુઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડ અને નૈસર્ગિક ટ્રસ્ટ દ્વારા કોવિદ-૧૯ અંતર્ગત સહાય કરાઈ

ગાંધીનગર,તા. ૨૨

બહુચરાજી ખાતે જલીયાવાલા ધામ ખાતે ચાલતા ભોજનાલય દ્વારા બહુચરાજી આજુબાજુના ગરીબ અને પરપ્રાંતીય લોકોને સવારે અને સાંજે ભોજન આપવામાં આવે છે જેમાં સુઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડના સહયોગથી CSR કાર્યક્રમ અંતર્ગત કોવિદ-૧૯ની મહામારીમા મદદરૂપ બનવાના હેતુસર અમલીકરણ સંસ્થા નૈસર્ગિક ટ્રસ્ટ દ્વારા અન્નક્ષેત્ર મા ૩૦૦ લોકોને ૧૫ દિવસ ચાલે તેટલું અનાજ, કરિયાણું, તેલ અને શાકભાજી સુઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડ ના ડેપ્યૂટી જનરલ મેનેજર ભાવેશભાઈ શાહના માર્ગદર્શન મુજબ સુઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડના CSR મેનેજર નીરમેષભાઈ અને મુકેશભાઇ ના સંકલન થી નૈસર્ગિક ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલ હતું, જેમાં નૈસર્ગિક ટ્રસ્ટના કાર્યકર કલ્પનાબેન પ્રજાપતિ હાજર રહ્યા હતા.

# ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકામાં ચાર સ્થાન પર ચોખાનું વિતરણ




ગાંધીનગર,તા. ૨૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૨૧મી એપ્રિલના દિવસે વહેલા નીકળી શોભાયડા, સુનોક, ગડાદર, તથા ખારી મુકામે કુલ ૩ કિગ્રા. ચોખાના ૮૨ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વહેલા પહોંચવાથી એક પછી એક લાભાર્થી આવતા ગયા. સાથે પેરાસીટામોલની સ્ટ્રીપ પણ આપી. ગડાદરમાં કલ્યાણ જૈન ગ્રુપ સાબરમતી દ્વારા મળેલ સ્ટીલના થાળી,વાટકી,ગ્લાસ, ચમટીનો સેટ ૯ લાભાર્થીને આપ્યો હતો.

મોન્ટુભાઈ, મિલિંદભાઈ, યોગેશ તથા ગામેતીએ સેવા આપી હતી. અંતરનું ધ્યાન ખાસ રખાયું હતું.

# 'આસન ગ્રહણ કિજીએ મહારાજ' મધ્યમ વર્ગના લોકો માટે વેસ્ટ માંથી બેસ્ટ 'આસન'

ગાંધીનગર, તા.૨૨

રામાયણ અને મહાભારત



સીરિયલ દ્વારા એક શબ્દ વારંવાર કાને પડે છે 'આસન ગ્રહણ કિજીએ મહારાજ' અને પછી રાજા, મહારાજા કે મંત્રી આસન ગ્રહણ કરે છે. આસન એટલે કે બેઠક. ખુરશી, સોફા, ટેબલ, ખાટલો, હિંચકો, સિંહાસન, વ્યાસપીઠ, ભારતીય બેઠક, પાટલો, બાજઠ, મુડો, આસન પટ્ટી, ગાલીચો... કેટલું વૈવિધ્ય છે આપણી ભારતીય બેઠક માટે. પાછું ખુરશીના પણ પ્રકાર છે જે તે વ્યક્તિના હોદ્દા પ્રમાણે અને એનું માન પણ ખરું. પણ વ્યક્તિ એને પોતાનું માન સમજી બેસે છે અને પછી નિવૃત થાય ત્યારે 'ઉતર્યા અમલદાર કોડીનો' થઈ જાય છે.

ઘરમાં વડિલની આરામ ખુરશી તો બાળકો માટે અભ્યાસની ટેબલ ખુરશી, ડાયનિંગ ટેબલમાં પાછું હેડ ઓફ ધ ફેમિલીની ખાસ ખુરશી હોય છે. સાધુ કથા કરે ત્યારે વ્યાસપીઠની પૂજા થાય છે. કાર્યક્રમમાં મહેમાનની ખુરશી અલગ તો શ્રોતાઓની ખુરશી અલગ હોય છે. એટલે કે ખુરશીની આખી કહાની છે.




અત્યારે કોરોના વાયરસને કારણે અનાયાસે આપણને સમય હોલસેલના ભાવે ફ્રીમાં મળ્યો છે ત્યારે વેસ્ટ ઈનટુ બેસ્ટ કરવામાં ઘણા બધા લોકો એનો સદ્ ઉપયોગ કરી રહ્યા છે. થોરાત પરિવારે કારના ઉતરી ગયેલા વેસ્ટ ટાયરનો ઉપયોગ કરીને આરામ કરવાની બેઠક બનાવી છે. જૂના ટાયરને રંગ કરીને એમાં નાયલોન દોરી પરોવીને સુંદર, મજબુત અને ટકાઉ બેઠક બનાવી છે. આરામથી ગમે ત્યાં ફેરવી અને ઘરને શણગારી શકાય એવી આ મસ્ત બેઠક બનાવી હવે દીકરીઓ રિદ્ધિ અને અનન્યા મમ્મી પપ્પાને 'આસન ગ્રહણ કિજીએ મહારાજ' કહીને મજા કરી રહી છે.



રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગરના યશ ઈશ્વરભાઈ પ્રજાપતિના જન્મ દિવસ નિમિતે આ કોરોનાના મહામારી માં પોતાનું બ્લડ ડોનેટ કરી એક માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું અને તેમને સમાજ ને એક મેસેજ આપ્યો કે નિયમિત લોહી આપવું જ જોઈએ અને રક્તદાન એજ મહાદાન.

# થિયેટર લવર્સ માટે ઓનલાઈન મોનોલોગ કોમ્પિટિશન શરૂ થશે

ગાંધીનગર,તા. ૨૨

શું આપની અંદર અભિનય કરવાની કલા છુપાયેલી છેં? તો આ સમયમાં તે પ્રતિભાને બહાર લાવો, અને બની જાઓ 'એક પાત્રીય અભિનય ગુજરાત'ના વિનર. મિત્રો પોતાની થિએટર શીખવવાની આગવી કળા અને પદ્ધતિ માટે શહેરનું જાણીતું 'ધ અર્થિંગ ગ્રુપ' લઈને આવ્યું છેં .



'ઓલ ગુજરાત મોનોલોગ કોમ્પિટિશન-૨૦૨૦' અને એ પણ'ઓનલાઈન'માધ્યમથી જેમાં મોનોલોગના જજ તરીકે જાણીતા કલાકાર હેમાંગ દવે દ્વારા વિજેતાઓ જાહેર કરવામાં આવશે.૨૩-૦૪-૨૦૨૦ રજીસ્ટ્રેશન ની અંતિમ તારીખ છે. વધુ માહિતી 'ધ અર્થિંગ ગ્રુપ' ના ફેસબુક અને ઈનસ્ટાગ્રામ પેજ પરથી મળશે.

# માનવીના વૈચારિક અને સાંસ્કૃતિક ઘડતરના પાયાની આધારશીલા એટલે પુસ્તકો

આજે પુસ્તક દિન



**પ્રસંગસર**

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

આજે ૨૩ એપ્રિલ એટલે કે વિશ્વ પુસ્તક દિન. માનવીય જીવનમાં ખાસ કરીને તેની ઘડતર પ્રક્રિયામાં પુસ્તકનું મૂલ્ય અને પ્રદાન કેટલું અગત્યનું છ તે આપણા રાજ્ય, દેશ કે સમગ્ર વિશ્વના સાહિત્ય સર્જકોના જીવન અને કવન પરથી સ્પષ્ટ સમજાય છે. આપણા સમર્થ સાહિત્યકારો અને સર્જકોના જીવન પર એક દ્રષ્ટિપાત કરીએ ત્યારે સ્પષ્ટ પણે પ્રતીત થાય છે કે આ સમર્થ સર્જકોના જીવન ઘડતરમાં અને તેઓએ સમાજને કરેલા પ્રદાનમાં પુસ્તકોનુ કેટલું મોટું યોગદાન છે !

ઈંગ્લેન્ડની પ્રજાના લોહીમાં નવી ચેતનાનો સંચાર કરનાર કવિ નાટ્યકાર શેક્સપિયરની સ્મૃતિમાં યુનેસ્કો તરફથી વિશ્વ પુસ્તક દિન ઉજવવાનો પ્રારંભ થયો. શેક્સપિયર અંગ્રેજી સાહિત્યના મહાન નાટ્યકાર હતા. તેમણે અનેક નાટકો સોનેટ અને નેરેટિવ પોએમ ની રચના કરી છે. હેમલેટ, ઓથેલો, મેકબેથ જેવા પ્રખ્યાત નાટકો પણ તેઓએ લખ્યાં છે.

હસ્તલિખિત ગ્રંથોમાં સૌથી પ્રાચીન ગ્રંથ તરીકે ઋગ્વેદની ગણના થાય છે. ત્યારબાદ યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, ઉપનિષદ અને સમગ્ર વેદકાળનું સાહિત્ય પણ વૈદિક સાહિત્ય તરીકે ઓળખાય છે. પરંતુ પુસ્તકનો જન્મ તો ઈસવીસન પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલા મેસોપોટેમિયાની સંસ્કૃતિમાં થયો ત્યારથી મુદ્રણ કલા વિકસતાં વિકસતાં છેક ૧૯૮૫માં કોન્ટેક્ટ ડિસ્ક સીડી પર બુકનું સૌપ્રથમ અવતરણ થયું, જે પુસ્તકના પ્રાચીનથી અર્વાચીન અવતારની રોમાંચક ગાથા છે.

પુસ્તકોની દુનિયા અવનવી અને રંગબેરંગી છે. કેટલાક પુસ્તકો વાચકો માટે વડીલો જેવા છે, જે ધમકાવ્યા વિના ચૂપચાપ સુંદર માર્ગદર્શન પૂરું પાડે છે. જ્યારે કેટલાંક પુસ્તકો તો મિત્રોની ગરજ સારે તેવા હોય છે, જે વાંચતા આપણા મિત્રો જોડે વાતો કરતા હોઈએ એવી દિવ્ય અનુભૂતિ અનુભૂતિ કરાવતા હોય છે.

વિદ્યાર્થીના જીવન ઘડતરમાં પુસ્તક ખૂબ જ જ મહત્વનું પ્રદાન નોંધાવી શકે. માત્ર પુસ્તકીયુ જ્ઞાન નહીં પરંતુ પુસ્તકોના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી કે કોઈપણ વ્યક્તિ જ્ઞાનનો ભંડાર બની શકે. ખાસ કરીને વિદ્યાર્થીઓ માં વાચન પ્રત્યેની લગન લગન વધે તે માટે પ્રત્યેક શાળાનું પુસ્તકાલય પણ આજે પ્રમાણમાં ઘણું સમૃદ્ધ અને સુલભ બન્યું છે. પ્રત્યેક ઘરમાં પણ લોકો ઘણા પુસ્તકો વસાવતા હોય છે ત્યારે આપણે જોવું જોઈએ કે બાળકો પાઠય પુસ્તકો ઉપરાંત ગ્રંથાલયના ગમતા પુસ્તકો પણ રસપૂર્વક વાંચતા થાય.

એક અર્થમાં જોઈએ તો પુસ્તક વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતરનું સબળ માધ્યમ તો છે જ પરંતુ કપરા કાળનો સાથીદાર પણ છે. એટલે કે એ અર્થમાં પુસ્તક માનવીનો સાચો મિત્ર પણ છે. અનેક મહાપુરુષો પોતાના કપરા કાળમાં પુસ્તકના સહારે જ ટકી શક્યા છે. આત્મબળ અને મનોબળને ટકાવવામાં પુસ્તકનું બહુ જ મૂલ્યવાન પ્રદાન છે તેમાં કોઈ જ બેમત બેમત નથી. પુસ્તકો એ આપણને જાણે કે સમય ઉપર વિજય અપાવ્યો છે. આજે આપણે મહાભારત દૂરદર્શન પર જોઈએ છીએ તો મહાભારતની આ સીરિયલ બનાવી શક્યા તેનું કારણ એ છે કે આપણી પાસે મહાભારત નામનો એક મૂલ્યવાન ગ્રંથ, એક પુસ્તક પણ ઉપલબ્ધ છે.

કોઈએ સાચું જ કહ્યું છે કે પુસ્તક આપણો ઉત્તમ મિત્ર છે. આપણે એકલા હોઈએ તકલીફમાં હોઈએ ત્યારે આપણે જો આપણને પ્રિય પુસ્તક ના શરણે જઈએ તો આપણને કશોક ઉપાય જડે છે.

પુસ્તકો આપણને અપેક્ષા રાખ્યા સિવાય મદદ કરે છે. આજે જે રોગચાળાની ગંભીર પરિસ્થિતિ છે તે ચિંતાજનક છે. આપણા વિશ્વ નેતા અને માર્ગદર્શક શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આખા જગતને માર્ગદર્શન મળે તે રીતે lockdown જાહેર કર્યું. આ lockdown પણ આપણને પુસ્તક સાથે પ્રેમ કરવાનો પ્રસંગ ઊભો કરી આપે છે. અનેક લોકો આ સમયનો ઉપયોગ પોતાના પ્રિય પુસ્તકોને વાંચી ને ને સાર્થક કરે છે.

આજના આ વિશ્વ પુસ્તક દિવસે આપણે આપણો સમય પસાર કરી શકીશું જ પરંતુ સાથોસાથ આપણા ઘડતરમાં પણ એક નવું પરિમાણ ઉમેરાશે. આપણો પુસ્તક પ્રેમ પણ વધશે.

આજે જ્યારે પુસ્તક દિન છે ત્યારે ખાસ કરીને શાળા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને મારો સ્પષ્ટ સંદેશો છે કે માત્ર પાઠ્યપુસ્તક અને તેના વાચનથી સાચું શિક્ષણ મેળવી નહીં શકાય. જો સાચું શિક્ષણ મેળવવું હશે તો પુસ્તકના અભ્યાસ નો બીજો કોઇ જ વિકલ્પ નથી. આપણો ઈતિહાસ, આપણી સંસ્કૃતિ, આપણું સમાજ જીવન, વિશ્વનો ઈતિહાસ, જ્ઞાન -વિજ્ઞાન, સંસ્કૃતિ, ખગોળશાસ્ત્ર ,ભૂગોળ, જ્ઞાન વિજ્ઞાનનું વિશ્વનું એવું કોઈ પણ ક્ષેત્ર નથી કે જેને સમજવામાં પુસ્તક આપણને ઉપયોગી થયા વિના ન રહે.

અનુસંધાન પાના નં. ૭ પર

## જન્મદિને વધામણી



પદ્મિની પંઢરીનાથ જગતાપ
મો. ૯૮૭૯૮ ૦૭૩૧૧



ભવ્યા શર્મા
મો. ૯૮૨૫૬ ૯૨૬૨૦



હેત ધર્મેન્દ્રકુમાર રાવલ
મો. ૮૩૪૭૮ ૯૦૨૭૫



ઝીલ મયુરભાઈ માવાણી
ફોન : ૨૩૨૨૭૩૬૯



કંદર્પ ભટ્ટ
મો. ૮૧૬૦૯ ૪૫૯૨૭



કવિશ દુષ્યંતકુમાર રાવલ
મો. ૯૨૬૫૯ ૨૭૭૦૬



વૈશાલી કે મહેતા
મો. ૯૪૨૬૪ ૦૯૦૩૯



નરેશકુમાર પી જોષી
રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર